॥ શ્રી ॥

જૈન માર્ગ પ્રારંભ પોથી.

ભાગ ૧ લો.

अहिंसा परमोधर्मः

દયા ધર્મનો પાયો છે.

યોજક લાલન.

મુંબઈ:--નિર્ણયસાગર છાપખાનામાં છાપ્યું છે

કિમ્મત ૧ આનો.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ

गूजरात विद्यापीठ ग्रंथालय

[[illegible] विभाग]

क्रं

अनुक्रमांक १५४०   वर्गांक

पुस्तकनुं नाम જૈન માર્ગ પ્રારંભપોથી-૧

विषय ग/ ३४ : ८६६ : प३१

ઉપોદ્ઘાત.

આખા જગતના સર્વ મનુષ્યો તો શું પણ સર્વ પ્રાણી સાથે સમભાવે સંપૂર્ણ મન, તન, વચન અને હૃદયથી વર્ત્તવાને કોઈ પણ શીખવતું હોય તો તે ધર્મ છે. આમ છતાં દુનિયામાં જે મોટાં યુદ્ધો પૂર્વે થયાં છે અને હાલ પણ થાયછે તે ઘણું કરી બધાં સમભાવિક કહેવાતા ધર્મોને નામેજ થતાં જણાય છે.

બંદુક, તરવાર, છરા, તીર, ભાલા અને તોપોથી જ મનુષ્ય વધ થાયછે તેનાં કરતાં પણ શાંતિનું ડોળ ઘાલનાર ધર્મોએ એક બીજાપર કડણ શબ્દોનાં શસ્ત્રો ચલાવી જગતમાં અશાંતિ ફેલાવવામાં કાંઈ બાકી રાખી નથી.

સ્વધર્મની ખૂબી બતાવવા કરતાં પરધર્મની નિંદાનું ઉચ્છિષ્ટ ભોજન કરનાર—કરાવનાર આજે ધર્મી કહેવાતા મનુષ્યોની કાંઈ ખોટ નથી; સ્વગચ્છની સુંદરતા દર્શાવવા કરતાં પર ગચ્છની ખામી ઉપર તિરસ્કારનો કાદવ વર્ષાવનારા પણ થોડા નથી.

આવા વખતમાં ધર્મજ્ઞાન એવી કઈ પદ્ધતિથી આપવું કે જેમાં સ્વધર્મની મહાલાભદાયક ખૂબી ઉત્તરોઉત્તર વિશેષ દેખાયા કરે અને પરધર્મની નિંદા કે સ્તુતિ ઘાણું કરી ન થાય? પોતાથી ન્યૂન શક્તિવાળા ધર્મપર કરૂણા થાય પણ તિરસ્કાર ન થાય. પોતાથી અધિક શક્તિવાલા ધર્મ કે ગચ્છવાલાસાથે પ્રમોદે વર્ત્તાય પણ ઈર્ષા ન થાય અને સકળ ધર્મવાળાસાથે મૈત્રી કે સમભાવ ક્રિયામાં રહે, કે તદનુસાર વર્તન થાય?

આ સંબંધે ખૂબ વિચાર કરતાં ધર્મજ્ઞાન આપવાની વિરોધિ પદ્ધતિને દૂર રાખી, **શ્રીતીર્થંકર** ભગવાનના ઉચ્ચ આશયને લક્ષમાં રાખી, સમભાવી પદ્ધતિપર ધર્મજ્ઞાન અપાય તો ધર્મનો મૂળ હેતુ એટલે કે ઈહલોક અને પરલોક હિત સાધી શકાય, માટે આ જૈન-માર્ગ-પ્રવેશિ-

કાની માળામાં પ્રથમ ધર્મનું સામાન્યજ્ઞાન આપી પછી વિશેષજ્ઞાન આપવા પ્રયત્ન કર્યો છે.—ધર્મની ખૂબી બતાવી સ્વધર્મની વિશેષ ખૂબી બતાવવા કોશેશ કરી છે કે જેથી અન્ય દર્શન કે અન્ય ધર્મપર દ્વેષ નહિ થતાં તેના સદ્‌ગુણપર રાગ થશે અને તેની સાથે સ્વધર્મની વિશેષ ખૂબી જોતાં તેનાપર વિશેષ અને દૃઢ પણ પ્રશસ્ત રાગ થશે. આવાજ ઉચ્ચ આશયથી **શ્રીહરિભદ્રસૂરીએ** પોતાના **યોગબિંદુમાં** સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે તે શ્લોક ૧૧૩-૧૪-૧૫ તથા તેપરની ટીકા જોવાથી માલમ પડશે.

શ્રીઋષભ પંચાશિકામાં જણાવ્યું છે કે જૈનધર્મરૂપી મહાસમુદ્રમાંથી ઉડેલા બિંદુઓ તે અન્ય ધર્મો છે માટે એ બિંદુઓ કેવાં સત્ય પથ્ય અને પ્રિય છે, તેની ખૂબી દેખાડી જે મહાસમુદ્રના તે બિંદુઓ છે તે મહાસમુદ્રની અનેક ખૂબીઓ દેખાડી જૈનદર્શનમાં પ્રશસ્ત રાગી કરવાનો પણ મને તો આજ ઉપાય હાલના સમયમાં ઉચિત લાગે છે. હાલ ધર્મધર્મની અંદરઅંદરના કલહ પીગળી જઈ ધર્મધર્મમાં મળતાપણું કેટલું છે અને તેવડે પરસ્પર સંબંધ બંધાઈ સર્વના હિતનેમાટે કોન્ફરન્સો થવા લાગી છે. એક ધર્મના બાહ્યઆચારની બીજા ધર્મોસાથેની કટુતા દૂર થઈ અથવા શિથિળ થઈ સમાનતા ઉપર મિત્રભાવ થવા લાગ્યો છે અને તેને લીધે મનુષ્યમાત્રનું બંધુત્વ સર્વ મનુષ્યના હિતના માટે પ્રગટવાનું એમ જણાવતી અને સમભાવી હૃદયને ખાત્રી આપતી સર્વ ધર્મસમાજો (કોન્ગ્રેશો અને પાર્લામેંટો) થવા લાગી છે ત્યારે આવો શાંતિમય ઉપદેશ ધર્મરૂપી જગતને ઉચ્ચ સ્થિતિપર લાવશે એવા સંભવ મને લાગેછે.

પ્રારંભપોથી.

આ પુસ્તકને જૈનમાર્ગની પ્રારંભપોથી કહેવામાં આવી છે અને તે જૈનધર્મના બાળકો તેમજ જૈનધર્મ શીખવાને ઉત્સાહ ધરાવનાર ઇતર ધર્મના બાળકોને ઉપયોગી થાય તેમ એની રચના યથાશક્તિથી કરવામાં આવી છે. **જૈનમાર્ગપ્રવેશિકાના** પ્રારંભ પૂર્વે જૈનધર્મનું ઇતર ધર્મસાથે ઘણું કરી સામ્ય

ન્યપણું ક્યાં ક્યાં છે તે દેખાડવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. આમ કરવામાં હેતુ એ રાખવામાં આવ્યો છે કે મારા જૈનધર્મી બાળકોમાં ઈતર ધર્મવાળાસાથે જ્યાં સામાન્યપણું હોય ત્યાં સમભાવ રહે. આ પ્રારંભપોથીના બે ભાગ પછીના પુસ્તકોમાં જૈનધર્મનું વિશેષપણું દાખવ્યું છે કે જેથી બીજા ધર્મની સાથે જૈનધર્મને સરખાવતાં જૈનધર્મની બાળકોને વિશેષ ખૂબી માલમ પડી આવે આમ કરવાનો આશય એ છે કે આપણા જૈનધર્મની ઉદ્ધરતી પ્રજાનો ઈતર ધર્મવાળા ઉપર દ્વેષ ન થાય—સમભાવ રહે, અને જૈનધર્મની ખૂબી જણાયાથી તેનાપર પ્રશસ્ત રાગ થવો જોઇએ તે થાય.

પરિભાષા. ધર્મપરિભાષા જાળવવી એ શિષ્ટાચાર છે કઠિણ પણ પરિભાષા સમજાયા પછી ધર્મજ્ઞાન અત્યંત સરળ થઈ પડેછે તથાપિ બાળકની બુદ્ધિને તે લોખંડના ચણા જેવી કઠણ લાગેછે. આમ થવાથી બાળકો અને મોટા પણ બાળજીવો પોપટની પેઠે સમજ્યા વિના શાસ્ત્રપરિભાષા ભણી જતા ઘણાખરા આજકાલ માલૂમ પડે છે. એટલામાટે શાસ્ત્ર પરિભાષાદ્વારાએ શાસ્ત્રજ્ઞાન ન આપવું એમ નહિ પણ યોગ્ય ઉમરના થાય ત્યારે આપવું; પણ હાલ તો તે પરિભાષાનો અર્થ—આશય બાળકોને પરિચિત શબ્દોમાં શીખવવો એ આ ધર્મશિક્ષણમાળાના હેતુઓમાં મુખ્ય હેતુ છે. ક્રોધ, માન, માયા, લોભ આ પરિભાષાના શબ્દો છોડી તેને બદલે ગુસ્સો, અહંકાર, કપટ, કંજુસાઈ એ સરળ શબ્દો વાપરવા પડ્યા છે. (જુઓ પાઠ ૫.)

ખાંતિ, માર્દવ, આર્જવ, અકિંચન, આ પારિભાષિક શબ્દો છોડી દયા, વિનય, વિશ્વાસ, ઉદારતા એ શબ્દોનો ઉપયોગ કરવો પડ્યો છે. (જુઓ પાઠ ૬.)

આ પ્રમાણે અન્યસ્થળે પણ કરવામાં આવ્યું છે પરંતુ જે જે સ્થળે સમજી શકાય એવું જણાયું ત્યાં ત્યાં પારિભાષિક શબ્દોજ વાપરવા ઉચિત ગણવામાં આવ્યું છે અર્થાત્ પ્રથમ સમજ અને પછી

શબ્દ એ પદ્ધતિ દેશકાળ અનુસાર રાખી આ કામ યથાશક્તિ કર્યું છે.

વ્યવહારજ્ઞાન પુખ્ત ઉમરની અપેક્ષા રાખેછે અને તત્ત્વજ્ઞાન તેથી વિશેષ પુખ્ત ઉમરની અપેક્ષા રાખેછે તથાપિ ધર્મજ્ઞાન તો બાળજીવનની અપેક્ષા રાખી રહેલું છે, કારણ કે વ્યવહારજ્ઞાનમાં શરીરનો અને તત્ત્વજ્ઞાનમાં બુદ્ધિનો ઉપયોગ કરવો પડેછે પરંતુ ધર્મજ્ઞાનમાં હૃદયનો ઉપયોગ થાયછે. બાળકોનાં મન, તન, વચન હૃદયમાં થતી સ્ફૂરણા પ્રમાણેજ ઘણું કરી ચાલતાં જણાયછે માટે હૃદયમાંજ સ્વાભાવિક રીતે વર્ત્તી રહેલા ધર્મનું જ્ઞાન બાળકને તેની લઘુ વયમાંજ આપી દેવું કે જેથી અનાદિ કાળથી સ્વભાવિક જેવા થઈ ગયેલા પણ વિભાવિક દુર્ગુણો દૂર થાય, એ મને ઉચિત જણાય છે અને તે જ્ઞાન પણ બાળભાષામાં આપ્યું હોય તોજ તેમને હાલ ઉપયોગી થઈ પડે એમ સમજાય છે.

પ્રથમથી જ ધર્મજ્ઞાન.

રચના ખંડો—આ પુસ્તકમાળામાં રાખેલા ભાગોને ખંડ કહેવામાં આવ્યા છે. તેમાં **પ્રથમ ખંડમાં** ધર્મના સામાન્ય તત્ત્વનું જ્ઞાન આપવામાં આવ્યું છે. **બીજા ખંડમાં** ધર્મજ્ઞાનપૂર્વક વિધિ-ક્રિયા અને આચારવિષે જણાવેલું છે. **ત્રીજા ખંડમાં** ધર્મનીતિવિષે દર્શાવેલું છે. **ચોથામાં** સામાન્યજ્ઞાન આપવા પ્રયત્ન કર્યો છે અને **પરિશિષ્ટમાં** સહજ સાર્થ **મુખપાઠ** આપ્યો છે.

ખંડો.

પ્રથમખંડમાં બાળકોના મનને ખીલવવાનો, બીજામાં તેમના તનને ત્રીજામાં યોગ્ય માર્ગે પ્રવર્તાવવા તેમના હૃદયને વિકસાવવાનો અને ચોથામાં તેમની વ્યવહારનીતિ ખીલી નીકળે એવી યોજના રાખી છે.

બાળકોના અવયવની ખીલવણી

પ્રત્યેક પુસ્તકના ખંડોમાં ક્યા ક્યા પાઠ આપવામાં આવ્યા છે તે તેની અનુક્રમણિકા વાંચવાથી જણાઈ આવશે.

આ પુસ્તકમાં જે જે સિદ્ધાંતો આપ્યા છે તે તે સિદ્ધાંતો ઉપર બાળભાષામાં નાની પણ ઉપયોગી અને સુંદર કથા આગલા ભાગોમાં

આપવામાં આવશે; જેમકે—" ક્રોધ કરવો નહિ " આ સિદ્ધાંતને સમજાવવાનેમાટે ક્રોધ કરવાથી થયલા નુકસાનવિષેની કથા આપવામાં આવશે. "માફ કરવું" માફ કરવાથી થયલા લાભવિષેની કથા આપવામાં આવશે. જેથી આ સિદ્ધાંતો કથાદ્વારાએ બાળકોના હૃદયપર સદ્‌ગુણની દૃઢ છાપ પડવાનો સંભવ છે.

શિક્ષકોને સૂચના.

આ પુસ્તકોમાંના કઠિણ શબ્દો અને વાકયો શિક્ષકની પુરતી મદદ વિના ગમે તેટલાં સરલ હોય છતાં સમજાય એવું ધારવામાં નથી આવ્યું, માટે ગુરૂએ—કે ધર્મશિક્ષકે જ્યાં કઠિણતા હોય ત્યાં સ્પષ્ટતા કરવી અને પોતાને ન સમજાય તો પોતાથી વિશેષ જ્ઞાનીને પૂછવું કે પવિત્ર શુદ્ધ અંતઃકરણમાં જોવું એ પ્રાર્થના છે.

તા. ક. નિર્દોષ પુસ્તકો રચવાં એ મને તો શક્ય લાગે છે, પરંતુ જો **કેવલજ્ઞાન** હોય તો અને તે પ્રાપ્ત કરવા ખાયસ છે માટે તે સર્વ વીરપુત્રરત્નોને તો શું પણ સર્વ જીવમાત્રને હો. આમ છતાં કોઈ બાંધવને નિંદામાંજ સંતોષ થતો હોય તો થાઓ. કારણ કે,—

मन्निंदया यदि जनः परितोषमेति
नन्वप्रयत्नजनितोऽयमनुग्रहो मे.

મંગલં.

સાર્થ મુખપાઠ.

શ્રી નવકાર મંત્ર.

૧ **નમો અરિહંતાણં—શ્રી અર્હંત** ભગવાનને નમસ્કાર.
૨ **નમો સિદ્ધાણં—શ્રી સિદ્ધ** ભગવાનને નમસ્કાર.
૩ **નમો આયરિઆણં—શ્રી આચાર્ય** મહારાજને નમસ્કાર.
૪ **નમો ઉવઝ્ઝાયાણં—શ્રી ઉપાધ્યાય** મહારાજને નમસ્કાર.
૫ **નમો લોએ સવ્વસાહૂણં**-લોકમાં સર્વ **સાધુ** મહારાજને નમસ્કાર.
૬ **એસો પંચ નમુક્કારો**—એ પાંચે નમસ્કારો.
૭ **સવ્વ પાવપ્પણાસણો**—સર્વ પાપનો વિનાશ કરનાર.
૮ **મંગલાણં ચ સવ્વેસિં** અને સર્વ મંગલોમાં.
૯ **પઢમં [1]હવઈ મંગલં.** અને પ્રથમ મંગલ રૂપ છે.

---

૧ હોઇ મંગલં શ્રી **હેમચંદ્રાચાર્યકૃત** અષ્ટાધ્યાયમાં "હોઇ" અને હુવઈ એવા "**ભવતિ**"ના આદેશ જણાવે છે. માટે એ બન્ને પ્રયોગો માગધીવ્યાકરણ પ્રમાણે ખરા છે.

જૈન માર્ગ પ્રારંભ પોથી.

ભાગ ૧ લો.

ખંડ ૧ લો.

જૈનધર્મનાં સામન્ય મૂળતત્ત્વો.

પાઠ ૧. જીવ.

૧ આપણામાં જીવ છે, તેમજ જનાવરમાં પણ જીવ છે.
૨ મોટા હાથીમાં જીવ છે, તેમજ નાની કીડીમાં પણ જીવ છે.
૩ જેને સુખ દુ:ખની ખબર પડે તે જીવ.

પાઠ ૨. જીવ છે એમ શાથી જણાય ?

૧ જીવ હોય તોજ આપણા પગ હાલે ચાલે.
૨ જીવ હોય તોજ આપણા હાથ આપે-લે.
૩ જીવ હોય તોજ આપણું મોઢું બોલે-હસે.
૪ જીવ હોય તોજ આપણું શરીર ઉઠે બેસે.
૫ જીવ ન હોય તો પગ, હાથ, મોઢું અને શરીર કંઈ કરી શકતાં નથી.

પાઠ ૩. જીવની સમજ.

૧ જીવવડે જીભ ચાખે છે.
૨ જીવવડે શરીરને લાગે છે.

૩ જીવવડે આંખ દેખે છે.
૪ જીવવડે નાક સુંઘે છે.
૫ જીવવડે કાન સાંભળે છે.
૬ જીવવડે મન વિચારે છે.
૭ જીવ ન હોય તો જીભ ચાખે નહિ, શરીરને લાગે નહિ, આંખ દેખે નહિ, કાન સાંભળે નહિ અને મન વિચાર પણ નહિ કરે.

પાઠ ૪. કર્મનો બદલો.

૧ સારાં કામ કરીએ તો સારાં ફળ મળે.
૨ ભુંડાં કામ કરીએ તો ભુડાં ફળ મળે.
૩ જેવું કરીએ તેવું પામીએ.

પાઠ ૫. ભુંડાં કામ કયાં કયાં?

૧ ગુસ્સો કરવાથી ભુંડાં કામ થાય છે.
૨ અહંકાર કરવાથી ભુંડાં કામ થાય છે.
૩ કપટ કરવાથી ભુંડાં કામ થાય છે.
૪ કંજુસાઈ કરવાથી ભુંડાં કામ થાય છે.
૫ અજ્ઞાન રહેવાથી ભુંડાં કામ થાય છે.

પાઠ ૬. સારાં કામ કયાં કયાં?

૧ દુઃખી ઉપર દયા કરવી એ સારૂં કામ છે.
૨ મોટાનો વિનય રાખવો એ સારૂં કામ છે.
૩ ભલા પર વિશ્વાસ રાખવો એ સારૂં કામ છે.
૪ ગરીબ ઉપર ઉદારતા કરવી એ સારૂં કામ છે.
૫ અજ્ઞાન ટાળવા જ્ઞાન ભણવું એ સારૂં કામ છે.

પાઠ ૭. જીવ મેલો શાથી થાય છે?

૧ ક્રોધ કરવાથી જીવ મેલો થાય છે.

૨ અહંકાર રાખવાથી જીવ મેલો થાય છે.
૩ કપટ કરવાથી જીવ મેલો થાય છે.
૪ લોભ કરવાથી જીવ મેલો થાય છે.
૫ અજ્ઞાન રહેવાથી જીવ મેલો થાય છે.

પાઠ ૮. જીવ પવિત્ર શાથી થાય છે?

૧ ક્ષમા રાખવાથી ક્રોધ જઈ જીવથી પવિત્ર થવાય છે.
૨ નમ્રતા રાખવાથી અહંકાર જઇ જીવથી પવિત્ર થવાય છે.
૩ સરળતા રાખવાથી કપટ જઇ જીવથી પવિત્ર થવાય છે.
૪ સંતોષ રાખવાથી લોભ જઇ જીવથી પવિત્ર થવાય છે.
૫ જ્ઞાન ભણવાથી અજ્ઞાન જઈ જીવથી પવિત્ર થવાય છે.

પાઠ ૯. જીવની મલીનતા, સુંદરતા અને પવિત્રતા.

૧ ક્રોધ, અહંકાર, કપટ, લોભ અને અજ્ઞાન જીવને મેલો કરેછે.
૨ દયા, વિનય, વિશ્વાસ, અને ઉદારતાવડે જીવ સુંદર બને છે.
૩ ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ અને જ્ઞાનથી જીવ પવિત્ર થઇ રહે છે.

પાઠ ૧૦. પરમેશ્વર કોને કહેવાય ?

૧ પૂર્ણ પવિત્ર જીવને પરમેશ્વર કહેવાય.
૨ જે સર્વ જાણે તે પરમેશ્વર ગણાય.
૩ સઘળાને અખંડ સુખનો માર્ગ દેખાડે તે પરમેશ્વર મનાય.
૪ બધાને પૂજવા યોગ્ય હોય તે પરમેશ્વર ગણાય.
૫ દોષો દૂર કરવાથી જીવ પોતે પવિત્ર થઇ પરમેશ્વર થઈ શકે.

પાઠ ૧૧. જગત્ તે શું ?

૧ જે સુખ દુઃખ જાણે તે જીવ.

૨ જે ચાલવા હાલવામાં મદદ કરે તે ધર્મ.[1]
૩ જે ઉભા રહેવામાં મદદ કરે તે અધર્મ.[2]
૪ જે નવું જુનું કરે તે કાળ.
૫ જે બીજાને રહેવા જગા આપે તે આકાશ.
૬ જે નાનું મોટું થઇ શકે તે પુદ્ગલ.
૭ જીવ, ધર્મ, અધર્મ, કાળ, આકાશ અને પુદ્ગલ એ
છ એનું સામટું નામ જગત્ છે.

પાઠ ૧૨. ધર્મ[3] અને પાપ.

૧ ધર્મ સારો છે; પાપ ભુંડું છે.
૨ ધર્મથી સુખ થાય છે, પાપથી દુ:ખ થાય છે.
૩ ધર્મ તારે છે; પાપ બોળે છે.

પાઠ ૧૩. ધર્મ પાપનાં કામ.

૧ બચાવવું તે ધર્મ; મારવું તે પાપ.
૨ સાચું તે ધર્મ; જુઠું તે પાપ.
૩ આપવું તે ધર્મ; લૂટવું તે પાપ.
૪ સારી ચાલ તે ધર્મ; બૂરી ચાલ તે પાપ.
૫ ઉદારતા તે ધર્મ; સાંકડાપણું તે પાપ.

પાઠ ૧૪. ધર્મ પાપનાં ફળ.[4]

૧ ધર્મથી ધન મળે છે. પાપથી દરિદ્રતા આવે છે.
૨ ધર્મથી બુદ્ધિ ખીલે છે; પાપથી મૂર્ખ થવાય છે.

૧ જેમ માછલામાં તરવાની શક્તિ છે પણ પાણીની મદદ વિના તરી શકે નહિ તેમ આપણામાં ચાલવા હાલવાની શક્તિ છે પણ ધર્માસ્તિકાયની મદદ વિના ચલાય હલાય નહિ. વિશેષ સમજ ઉપરના પુસ્તકમાં આવશે. ૨ અધર્માસ્તિકાયની મદદ વિના ઉભા–સ્થિર રહેવાય નહિ. ૩ ધર્મ શબ્દનો અર્થ પુણ્ય એવા અર્થે અહીં વાપરવામાં આવ્યો છે. ૪ પરિણામ.

૧૫૪૭ –

૩ ધર્મથી શરીર સારૂં થાય છે; પાપથી રોગ આવે છે.
૪ ધર્મથી મન શાંત રહે છે; પાપથી મનમાં ચિંતા થયા કરે છે.
૫ ધર્મ હિંમતવાન કરે છે; પાપ બીકણ બનાવે છે.

પાઠ ૧૫. પુનર્જન્મ.

૧ શરીર અને જીવ જુદા છે.
૨ શરીર જન્મે—મરે છે.
૩ જીવ જન્મતો નથી—મરતો નથી.
૪ કર્મ પ્રમાણે જન્મ—મરણ થાય છે.
૫ સારાં કર્મથી સારૂં શરીર મળે છે.
૬ નઠારાં કર્મથી નઠારૂં શરીર મળે છે.
૭ સારાં માઠાં કર્મથી જન્મોજન્મ થયા કરે છે.

પાઠ ૧૬. સ્વર્ગ—નર્ક.

૧ આપણે ઘણાં સારાં કામ કરીએ તો સ્વર્ગે ચડીએ.
૨ આપણે ઘણાં માઠાં કામ કરીએ તો નરકમાં પડીએ.
૩ સ્વર્ગમાં ઘણું સુખ છે અને નરકમાં ઘણું દુઃખ છે.

પાઠ ૧૭. જનાવર અને મનુષ્ય.

૧ થોડાં સારાં કામ અને ઘણાં માઠાં કામ કરવાથી જનાવર થવાય છે.
૨ થોડાં માઠાં કામ અને ઘણાં સારાં કામ કરવાથી મનુષ્ય થવાય છે.
૩ વધારે માઠાં કામથી જનાવર થવાય, અને વધારે સારાં કામથી માણસ થવાય.

પાઠ ૧૮. દુઃખ-સુખ અને અખંડ સુખ.

૧ નરકમાં ઘણું દુઃખ છે.
૨ સ્વર્ગમાં ઘણું સુખ છે.
૩ જનાવરમાં ઘણું દુઃખ અને થોડું સુખ છે.
૪ મનુષ્યમાં થોડું દુઃખ અને ઘણું સુખ છે.
૫ મોક્ષમાં અનંત અને અખંડ સુખ છે.

પાઠ ૧૯. મુક્તિ.

૧ જન્મ—મરણ જેવાં કોઈ દુઃખ નથી.
૨ દુઃખથી તદ્દન છુટવું એ મુક્તિ છે.
૩ મુક્તિ મળવાનો માર્ગ ધર્મ છે.
૪ મુક્તિમાં દુઃખનો છાંટોએ નથી,
અને સુખનો પાર પણ નથી.
૫ મુક્તિ મનુષ્ય જન્મમાંજ મળે છે.

પાઠ ૨૦. દયા.

૧ આપણને જેમ સુખ વહાલું છે, તેમ સૌને સુખ વહાલું છે.
૨ આપણને દુઃખ અળખામણું છે, તેમ સૌને દુઃખ અળખામણુંછે.
૩ આપણને કોઇ સુખ આપે તે ગમે છે, તેમ સૌને આપણે સુખ આપીએ તે ગમેજ.
૪ આપણ સૌને સુખ કરનારી દયા છે.
૫ સૌપર દયા રાખવી એ આપણો બધાનો મોટામાં મોટો ધર્મ છે.

પાઠ ૨૧. વસ્તુ ખરેખરી જાણેલી—જોએલી ક્યારે કહેવાય ? (હાથી વિષે.)

છ આંધળા અને એક દેખતા વચ્ચે વાતચીત.

૧ આંધળો—હાથીના કાનને અડી કહે કે હાથી સુપડા જેવો છે.
૨ આંધળો—હાથીના પગને વળગી કહે કે હાથી થાંભલા જેવો છે.
૩ આંધળો—હાથીના પેટને વળગી કહે કે હાથી કોઠી જેવો છે.
૪ આંધળો—હાથીની પૂછડીને ઝાલી કહે કે હાથી લાકડી જેવો છે.
૫ આંધળો—હાથીની સુંઢને ઝાલી કહે કે હાથી સાંબેલા જેવો છે.
૬ આંધળો—હાથીના દાંતને ઝાલી કહે કે હાથી ભૂંગળા જેવો છે.
૭ દેખતો—હાથીને આખો જોઇને કહે કે આ છએ આંધળાનું

કહેવું ભેગું કરીએ ત્યારે આખો હાથી જોયો કહેવાય.

સાર—તેમજ આ સાતમા દેખતા માણસની પેઠે એકજ વસ્તુને જુદી જુદી સર્વ રીતે તપાસ્યા પછી તે વસ્તુ જોયલી અને જાણેલી કહેવાય એવું જૈનધર્મ શીખવે છે.

ખંડ ૨ જો.

સામાન્ય આચાર.

પાઠ ૨૨. શરીરના આચાર.[1]

૧ દરરોજ નિયમસર ઉઠવું.
૨ દરરોજ નિયમસર સૂવું.
૩ દરરોજ નિયમસર દાતણ કરવું.
૪ દરરોજ નિયમસર નહાવું-ધોવું.
૫ દરરોજ નિયમસર ખાવું-પીવું.
૬ દરરોજ ખુલ્લી હવામાં થોડું પણ ફરવું-હરવું.
૭ દરરોજ નિયમસર થોડું પણ રમવું.

પાઠ ૨૩. મનના આચાર.[2]

૧ ગુરૂ અને માબાપના કહ્યામાં રહેવું.
૨ મોટા ભાઈ-બેનને માન આપવું.
૩ સગાં વહાલાંમાં સંપે રહેવું.
૪ પોતાનો ધર્મ માનનાર સાથે સ્નેહ રાખવો.
૫ સર્વ માણસો સાથે મિત્રાઈ રાખવી.
૬ સર્વ જીવપર દયા રાખવી.

---

૧ સંસારનીતિ. ૨ હિંતશિક્ષાનો રાસ ઈત્યાદિ પુસ્તકો ઉપરથી.

પાઠ ૨૪. હૃદયના આચાર.

૧ દરરોજ નવકાર ગણવો.
૨ દરરોજ પ્રભુને સંભારવા.
૩ દરરોજ પ્રભુનાં દર્શન કરવાં.
૪ દરરોજ ગુરૂને વંદન કરવું.
૫ દરરોજ માબાપને નમવું.

પાઠ ૨૫. સામાન્ય આચાર.

૧ રમવા વખતે રમવુંજ.
૨ ભણવા વખતે ભણવુંજ.
૩ કામ કરતી વખતે કામ કરવુંજ.
૪ વાંકા વળી બેસવું નહિ.
૫ વાંકા વળી ઊઠવું નહિ.
૬ વાંચતી બોલતી વખતે સિધા ઉભા રહેવું.
૭ મોટા માણસને પ્રણામ કરવા.
૮ મોટા બોલાવે તો "જી" કરી જવાબ આપવો.

ખંડ ૩ જો.

જૈન નીતિ.

પાઠ ૨૬. નીતિ ભાગ ૧.

૧ જૂઠું બોલવું નહિ.
૨ આળસું થવું નહિ.
૩ ચોરી કરવી નહિ.

પાઠ ૨૭. નીતિ ભાગ ૨.

૧ સાચું બોલવું.
૨ મહેનત કરવું.
૩ પ્રમાણિક રહેવું.

પાઠ ૨૮. નીતિ ભાગ ૩.

૧ જૂઠું ન બોલવાથી સાચું બોલાશે.
૨ આળસુ ન રહેવાથી મહેનત થવાશે.
૩ ચોરી ન કરવાથી પ્રમાણિક[1] રહેવાશે.

પાઠ ૨૯. નીતિ ભાગ ૪.

૧ દરરોજ નિશાળે જવું.
૨ દરરોજ નવું શીખવું.
૩ દરરોજ શીખેલું સંભારવું.
૪ દરરોજ શીખવાની વસ્તુઓ સંભાળી રાખવી.

પાઠ ૩૦. નીતિ ભાગ ૫.

૧ ગાળ્યા વિના પાણી પીવું નહિ.
૨ વિચાર્યા વિના વચન બોલવું નહિ.
૩ જોયા વિના આગળ પગ મૂકવો નહિ.
૪ વગર વિચાર્યે કામ કરવું નહિ.

પાઠ ૩૧. નીતિ ભાગ ૬.

૧ ગુસ્સો કરવો નહિ.
૨ ખોટો હઠ કરવો નહિ.
૩ અતિ લોભ કરવો નહિ.
૪ કોઇને હલકા ગણવા નહિ.

---

૧ પ્રમાણિક શબ્દ શિક્ષકે સમજાવવો.

પાઠ ૩૨. નીતિ ભાગ ૭.

૧ માફી આપવાથી ગુસ્સો જાય છે.
૨ સરળ રહેવાથી ખોટો હઠ જાય છે.
૩ સંતોષ રાખવાથી લોભ ઓછો થાય છે.
૪ નમનતાઈ રાખવાથી તોછડાપણું જાય છે.

ખંડ ૪ થો.

જૈન ધર્મ.

૧ જિન એટલે કામ ક્રોધને જીતનાર ભગવાન.
૨ જિન ભગવાન સત્ય, પ્રિય અને હિતકારક વચનથી ઉપદેશ આપે છે.
૩ જિન ભગવાનનો ઉપદેશેલો ધર્મ તે જિનમાર્ગ.
૪ જૈનધર્મ હમેશાં જારી રહેનારોજ છે.
૫ જૈનધર્મનું મૂળ સર્વ જીવપર દયા પાળવી એ છે.
૬ જૈનધર્મ સર્વ દુઃખને મટાડવાનો માર્ગ દેખાડે છે, માટે જગત્‌ને હિતકારી છે.
૭ જૈનધર્મ અનંત સુખનો માર્ગ દેખાડે છે, માટે જગતને પ્રિય છે.
૮ જૈનધર્મ એક વસ્તુને અનેક રીતે જોતાં શીખવે છે માટે સત્ય છે.